• www.loksansar.in • contact@loksansar.in • L2/RNP/G.GNR-309-LOKSANSAR/2014 • RNI No.GUJ GUJ/2009/36828 • ફોન (ઓ)૨૩૨૪૩૬૯૦

ગાંધીનગર અને ભાવનગરથી પ્રસિધ્ધ થતુ દૈનિક

# લોક સંસાર

LOK SANSAR

• વર્ષ : ૬ • તા.૧૩-૦૮-૨૦૧૪ • બુધવાર GANDHINAGAR • અંક ૧૫૩ • પાના : ૮ • કિંમત રૂા.૨.૦૦



'મોદી સરકાર ધર્મના નામે સમાજમાં ભાગલા પાડી રહી છે' : સોનિયા ગાંધી 02

નકસલવાદી અંગે માહિતી આપનારને ઈનામ અપાશે 3

મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંપતિની વિગતો નહીં અપાય 6

આપણે ભારતીય ટીમ સાથે ધૈર્ય રાખવુ પડશે : ગાવસ્કર 05





# બી.પી.કોલેજ ઓફ બીબીએ દ્વારા બે દિવસીય વૃક્ષયાત્રાનો આરંભ

ગાંધીનગર,તા.૧૨

આજે સુર્યોદય બાદ બે દિવસીય વૃક્ષયાત્રાનો ખુબ જ ઉત્સાહ સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં બીબીએના લગભગ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ, વનવિભાગના કર્મચારીઓ ત્રણ અને વનશ્રીનેચર કલબના સ્વંયસેવકો દ્વારા છોડની વહેંચણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત વનવિભાગના એ.સી. એફ.બી. આર. પાંડવ સાહેબ દ્વારા લીલીઝંડી બતાવીને કરવામાં આવી હતી. આજે યાત્રાના પ્રથમ દિવસે સે.૧ થી ૧૫ સુધીમાં ૩૦,૦૦૦ છોડનું વિતરણ અને બીજા દિવસે સે.૧૬ થી ૩૦ સેક્ટરમાં બીજા ૩૦,૦૦૦ છોડનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલનની જવાબદારી વનવિભાગના આરએફઓના



ભરત સોલંકી અને એ. જે. દેસાઈ તથા કોલેજ તરફથી પ્રો.માંગી દેસાઈ અને વનશ્રી નેચરકલબના અંજના નિમાવત દ્વારા નિભાવવામાં આવી હતી.

બીબીએના વિદ્યાર્થીઓ તથા કોલેજના પ્રિ.ડો.રમાકાંત પ્રૃષ્ટી દ્વારા ગાંધીનગર શહેરને હરીયાળુ બની રહે તેમાં સહયોગ આપવાનો સંકલ્પ કર્યો હતો. ગાંધીનગરના લોકોમાં ફુલછોડ, અડુસી, શ્યામતુલસી વગેરે છોડની વિશેષ માંગ હતી. નગરના લોકોએ સમગ્ર પ્રવૃત્તીને ખુબ વખાણી હતી. અને ઉત્સાહ સાથે છોડ લઈ તેનું વાવેતર કરી તેને ઉછેરવાની જવાબદારી લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન વનવિભાગના ડીએફઓ પ્રકાશ રાવલ સાહેબ દ્વારા આપવામાં આવ્યું હતું.